# ધોરણ-૧૦ પરીક્ષાનુ બોર્ડનું ૬૬.૯૭ ટકા પરિણામ

## અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૮૮.૧૧ ટકા અને ગુજરાતી માધ્યમનુ પરિણામ ૬૪.૫૮ ટકા રહ્યુ : ૪૯૭૪ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતુ. પરિણામ ૬૬.૯૭ ટકા રહ્યુ છે. જે ગયા વર્ષ કરતા પણ ઓછુ રહ્યુ છે. ગયા વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૮માં ધોરણ-૧૦નુ પરિણામ ૬૭.૫૦ ટકા રહ્યુ હતુ. જાહેર કરવામાં આવેલા પરિણામમાં આ વખતે પણ સતત બીજા વર્ષે સુરત જિલ્લાએ મેદાન મારી લીધુ છે. સુરત જિલ્લાનુ બોર્ડનુ પરિણામ ૭૯.૬૩ ટકા રહ્યુ છે. સૌથી ઓછુ પરિણામ છોટા ઉદેપુર જિલ્લાનુ ૪૬.૮૩ ટકા રહ્યુ છે. આવી જ રીતે ગીર સોમનાથ જિલ્લાના સુપાસી કેન્દ્ર ૯૫.૫૬ ટકા પરિણામ સાથે પ્રથમ ક્રમ પર છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ ધરાવતુ કેન્દ્ર પણ આ જ જિલ્લાનુ તડ કેન્દ્ર રહ્યુ છે. તેનુ પરિણામ માત્ર ૧૭.૬૩ ટકા રહ્યુ છે. આ વખતે ધોરણ ૧૦નુ પરિણામ જાહેર કરવામા આવ્યા બાદ જાણવા મળ્યુ છે કે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૬૬ રહી છે. જ્યારે ૯૯૫ શાળાઓ એવી રહીછે જેમનુ પરિણામ ૩૦ ટકા કરતા પણ ઓછુ રહ્યુ છે. રાજ્યમાં ૬૩ શાળાઓ એવી રહી છે જેનુ પરિણામ શુન્ય ટકા રહ્યુ છે. માધ્યમની વાત કરવામા આવે તો ગુજરાતી માધ્યમનુ પરિણામ ૬૪.૫૮ ટકા નોંધાયુ છે. આવી જ રીતે હિન્દી માધ્યમનુ પરિણામ ૭૨.૬૬ ટકા રહ્યુ છે. અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૮૮.૧૧ ટકા જેટલુ રહ્યુ છે. છેલ્લા કેટલાક વર્ષથી જારી પ્રવાહની જેમ જ આ વખતે પણ વિદ્યાર્થીનિઓએ બાજી મારી લીધી છે. વિદ્યાર્થીનિઓનુ પરિણામ ૭૨.૬૪ ટકા અને વિદ્યાર્થીઓનુ પરિણામ ૬૨.૮૩ ટકા રહ્યુ છે. ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનુ પરિણામ આજે સવારે જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ ભારે ઉત્સુક દેખાયા હતા. માતાપિતા અને વાલીઓ પણ ઉત્સાહિત દેખાયા હતા. આ વખતે ૪૯૭૪ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ હાંસલ કરવામાં સફળ રહ્યા છે. આવી જ રીતે ૩૨૩૭૫ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવી લેવામાં સફળ રહ્યા છે. આંકડા પર નજર કરવામાં આવે તો આ વખતે ધોરણ -૧૦ બોર્ડની પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧૧૫૯૭૬૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સૌથી વધુ પરીક્ષાર્થીઓ સુરતમાં ૯૮૫૬૩ નોંધાયા હતા. આવી જ રીતે સૌથી ઓછા ૧૩૧૭ પરીક્ષાર્થી દિવમાં નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાંથી વિવિધ જેલોમાં બંધ ૮૯ કેદીઓએ સહિત ૧૧.૫૯ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી. ધોરણ-૧૦ના પરિણામને લઈ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ, સહેજ ગભરાહટ સાથે ઉત્સુકતાની લાગણી પરિણામ પહેલા છવાયેલી રહી હતી.પરિણામ સવારે જાહેર કરવામાં આવ્યા બાદ બોર્ડ દ્વારા માર્કશીટનું સવારે ૧૧ વાગ્યાથી બપોર બાદ ૪ વાગ્યા સુધી વિતરણ કરવામાં આવ્યુ હતુ. પાટનગર ગાંધીનગરથી અધિકારીક રીતે રાજયના શિક્ષણ મંત્રીએ સવારે ૯-૦૦ વાગ્યે પરિણામની જાહેરાત કરી હતી. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનુ પરિણામ વર્ષ ૨૦૧૮માં ૬૭.૫૦ ટકા રહ્યુ હતુ. ગયા વર્ષે પણ સુરત જિલ્લાએ મેદાન મારી લીધુ હતુ. સુરત જિલ્લાનુ પરિણામ ગયા વર્ષે ૮૦.૦૬ ટકા રહ્યુ હતુ. જ્યારે દાહોદ જિલ્લાનુ પરિણામ સૌથી ઓછુ ૩૭.૩૫ ટકા રહ્યુ હતુ. .ધોરણ-૧૦નુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ગુજરાત રાજયના ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ નવમી મેના દિવસે જાહેર કરવામાં આવ્યુ હતું. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૧.૯૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે જાહેર કરવામાં આવેલા પરિણામ પૈકી આ વખતે ઓછું પરિણામ રહ્યું હતુ. ગયા વખતે ૭૨.૯૯ ટકા પરિણામ રહ્યું હતું. આ વખતે નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૭૧.૮૩ ટકા રહ્યું હતુ. જ્યારે નિયમિત વિદ્યાર્થીનીઓનું પરિણામ ૭૨.૦૧ ટકા રહ્યું હતુ. વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર ધ્રોલ રહ્યું હતુ. જેનું પરિણામ ૯૧.૬૦ ટકા રહ્યું હતુ. જ્યારે ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર બોડેલી રહ્યું હતુ. જેનું પરિણામ ૨૭.૧૯ ટકા રહ્યું હતુ. વધુ પરિણામ જાહેર થયેલા જિલ્લાની વાત કરવામાં આવે તો રાજકોટ જિલ્લાનું પરિણામ સૌથી વધુ ૮૪.૪૭ ટકા રહ્યું હતુ. આવી જ રીતે ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો છોટા ઉદેપુર હતો. જ્યાં ટકાવારી ૨૯.૮૧ ટકા રહી હતી. આ વખતે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૫ નોંધાઈ હતી. સૌથી પહેલા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને હવે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ધોરણ-૧૦નુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ વખતે પરિણામ ઓછુ રહેતા તેની ચર્ચા પણ શિક્ષણ નિષ્ણાંતોમાં જોવા મળી રહી છે. રાજયના ૯૨૫ કેન્દ્રો ઉપર બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. ૩૮૦૫ બિલ્ડિંગોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૮૨૮૯૪૪ નિયમિત વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૫૫૧૦૨૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે.



### જિલ્લાવાર પરિણામ...

| જિલ્લા | ટકાવારી |
|---|---|
| સુરત | ૭૯.૬૩ |
| મોરબી | ૭૪.૦૯ |
| રાજકોટ | ૭૩.૯૨ |
| અમદાવાદ શહેર | ૭૨.૪૫ |
| ગાંધીનગર | ૭૧.૯૮ |
| જુનાગઢ | ૭૧.૮૧ |
| જામનગર | ૭૦.૬૧ |
| દેવભૂમિ દ્વારકા | ૭૦.૩૨ |
| ગીર સોમનાથ | ૭૦.૨૮ |
| અમદાવાદ ગ્રામ્ય | ૭૦.૨૪ |
| સુરેન્દ્રનગર | ૬૯.૨૬ |
| ડાંગ | ૬૮.૭૨ |
| બનાસકાંઠા | ૬૮.૫૯ |
| મહેસાણા | ૬૭.૯૨ |
| નવસારી | ૬૭.૪૦ |
| વડોદરા | ૬૭.૦૩ |
| અરવલ્લી | ૬૬.૯૭ |
| નર્મદા | ૬૬.૫૬ |
| ભરુચ | ૬૬.૨૪ |
| ભાવનગર | ૬૬.૧૯ |
| કચ્છ | ૬૫.૪૬ |
| બોટાદ | ૬૩.૮૪ |
| સાબરકાંઠા | ૬૩.૦૪ |
| વલસાડ | ૬૨.૯૮ |
| તાપી | ૬૨.૭૯ |
| પોરબંદર | ૬૨.૬૧ |
| અમરેલી | ૬૧.૬૫ |
| આણંદ | ૫૯.૮૧ |
| પાટણ | ૫૯.૫૩ |
| ખેડા | ૫૭.૩૭ |
| મહિસાગર | ૫૩.૦૬ |
| પંચમહાલ | ૫૧.૮૧ |
| દાહોદ | ૪૯.૧૮ |
| છોટાઉદેપુર | ૪૬.૩૮ |

### અમદાવાદ શહેરનું ૭૨.૪૫, ગ્રામ્યનું ૭૦.૨૪ ટકા પરિણામ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ. પરિણામ ૬૬.૯૭ ટકા રહ્યુ છે. જાહેર કરવામાં આવેલા પરિણામમાં આ વખતે સુરત જિલ્લાએ મેદાન મારી લીધુ છે. સુરત જિલ્લાનુ પરિણામ ૭૯.૬૩ ટકા રહ્યુ છે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં આ વખતે અમદાવાદ શહેરના વિદ્યાર્થીઓની ટકાવારી ઉંચી રહી છે. અમદાવાદ શહેરમાં વિદ્યાર્થીઓની ટકાવારી ૭૨.૪૫ ટકા રહી છે. જ્યારે ગ્રામીણ વિસ્તારનું પરિણામ ૭૦.૨૪ ટકા રહ્યું છે.

## અંગ્રેજી માધ્યમનું સૌથી વધુ ૮૮.૧૧ ટકા પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. ગુજરાતનુ પરિણામ ૬૬.૯૭ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. આ વખતે પણ અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી માધ્યમ કરતા વધારે રહ્યું છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૮૮.૧૧ ટકા રહ્યું છે જયારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૭૨.૬૬ ટકા રહ્યું છે. આ વખતે અંગ્રેજી માધ્યમમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા પૈકી પાસ થયેલા વિદ્યાર્થીઓની ટકાવારી વધારી રહી છે. અંગ્રેજી માધ્યમમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૫૬૮૪ રહી છે. જ્યારે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પાસની ટકાવારી અંગ્રેજી માધ્યમ કરતા ઓછી રહી છે અને ગુજરાતી માધ્યમના પાસ થયેલા વિદ્યાર્થી ૪૬૭૫૨૦ નોંધાઈ છે. જાણકાર નિષ્ણાંતો પણ ગુજરાતી અને હિન્દી માધ્યમમાં પરિણામની ઘટતી જતી ટકાવારી અને સાથે સાથે વિદ્યાર્થીઓની ઓછી થતી જતી સંખ્યાને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતમાં રહેતા વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા મજબુત રહે તેમ તમામ લોકો માની રહ્યા છે. બીજી બાજુ હિન્દી ભાષાને દેશમાં વધારે મહત્વ આપવામાં આવી રહ્યુ છે ત્યારે હિન્દી ભાષામાં વિદ્યાર્થીઓ ઘટી રહ્યા છે.

આ વખતે હિન્દી માધ્યમમાં કુલ ૧૯૦૯૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૭૯૦ રહી છે. આગામી દિવસોમાં હિન્દી અને ગુજરાતી માધ્યમને પ્રોત્સાહન આપવા માટે પગલા લેવામાં આવે તેવી શક્યતા છે.આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ એકબાજુ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છેત્યારે બીજી બાજુ જે વિદ્યાર્થીઓ નપાસ થયા છે તે વિદ્યાર્થીઓના વાલીઓમાં નિરાશા જોવા મળી હતી. ધોરણ-૧૦નુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ વખતે પરિણામ ઓછુ રહેતા તેની ચર્ચા પણ શિક્ષણ નિષ્ણાંતોમાં જોવા મળી રહી છે. રાજ્યના ૯૨૫ કેન્દ્રો ઉપર બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી જેમાં ૩૮૦૫ બિલ્ડિંગોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૮૨૮૯૪૪ નિયમિત વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૫૫૧૦૨૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિવિધ માધ્યમના પરિણામ પર ચર્ચા રહી હતી જે પૈકી આ વખતે ગુજરાતી માધ્યમના સૌથી વધારે વિદ્યાર્થી નોંધાયા હતા. ગુજરાતી માધ્યમમાં ૭૨૯૮૦૩ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૭૨૩૮૯૫ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જખૌ પાસે નેવીએ બોટમાંથી ૧૦૦૦ કરોડનું હેરોઈન જપ્ત

## પાકની બોટથી હેરાઇનના ૧૯૪ પેકેટ કબજે કરી લેવાયા

## બોટમાંથી સાત પાકિસ્તાની અને છ ભારતીયોની ધરપકડ

અમદાવાદ, તા.૨૧

ડીઆઈઆર અને કોસ્ટ ગાર્ડે મોટુ ઓપરેશન પાર પાડીને અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. મોટા ઓપરેશનના ભાગરુપે એક હજાર કરોડના હેરોઈનનો જથ્થો જપ્ત કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.આ સંદર્ભમાં હજુ પણ ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે.

હેરોઈનના જથ્થાની સાથે સાથે સાત પાકિસ્તાની અને છ ભારતીયોની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. પુછપરછના આધારે કેટલીક નવી વિગતો ખુલે તેવા પણ સંકેત છે. કચ્છના જખૌ બંદર પરથી પાકિસ્તાની બોટમાંથી કરોડોનું ડ્ર્ગ્સ ઝડપાયું છે. ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડે કરોડો રૂપિયાનું ડ્ર્ગ્સ ઝડપીને બહુ મોટુ ઓપરેશન ભારે સફળતાપૂર્વક પાર પાડયું છે. આ ઘટનામાં જે ડ્ર્ગ્સ ઝડપાયું છે, તેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂ. એક હજાર કરોડ થવા જઈ રહી છે.

પાકિસ્તાની અલમદીના બોટમાંથી ૧૯૪ પેકેટ હેરોઈન(ડ્ર્ગ્સ)નો જથ્થો કોસ્ટગાર્ડે જપ્ત કરી બોટમાંથી સાત પાકિસ્તાની અને છ ભારતીય નાગરિકોની ધરપકડ કરી હતી. આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, કોસ્ટ ગાર્ડે જપ્ત કરેલું ડ્ર્ગ્સ ૧૯૦.૪ કિલોગ્રામથી વધુ હોવાનો અંદાજ છે. આ ડ્ર્ગ્સ પાકિસ્તાનમાંથી ભારત આવી રહ્યું હતું. ત્યારે ઈન્ડિયન નેવીએ કોસ્ટગાર્ડની મદદથી ભારે સફળતાપૂર્વક આ ઓપરેશન પાર પાડ્યું હતું. કોસ્ટગાર્ડે મોટી કાર્યવાહી કરતા ડ્ર્ગ્સ ઉપરાંત બોટમાંથી ૧૩ શખ્સોની પણ ધરપકડ કરી હતી.

જેમાં બોટમાંથી સાત પાકિસ્તાની અને છ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. અગાઉથી મળેલી ચોક્કસ બાતમી અને ઈનપુટ્સના આધારે અરબી સમુદ્રમાં ભારતના કોસ્ટગાર્ડે મોટું ઓપરેશન કરતા મોટા પ્રમાણમાં હેરોઈનનો જથ્થો જપ્ત કર્યો હતો. ઈન્ડિયન નેવીએ જે પાકિસ્તાની બોટ ઝડપી છે, તે પાકિસ્તાનમાં નોંધણી થયેલી છે. આ ઘટનામાં ધરપકડ કરવામાં આવેલા શખ્સોની નાગરિકતા અને ઓળખ અંગેની તપાસ અને પૂછપરછ ચાલી રહ્યા છે. જો કે, હેરોઈન(ડ્ર્ગ્સ)ના બહુ મોટા કન્સાઈનમેન્ટનો પર્દાફાશ થતાં હવે આ ડ્ર્ગ્સ પાકિસ્તાનમાંથી લાવીને ગુજરાતમાં કોને પહોંચાડવાનું હતુ અને આ સમગ્ર નેટવર્કમાં કોણ કોણ સંડોવાયેલું છે અને તેની આખી ચેઈન સહિતના મુદ્દાઓની તપાસ હવે હાથ ધરાઈ રહી છે.

# આણંદમાં ગમખ્વાર અકસ્માત : ૧૧ના મોત

## આંકલાવ તાલુકાના ગંભીરા ગામે અકસ્માત સર્જાતા આઘાતનું મોજુ : ટેન્કર, પિકઅપ વાન વચ્ચે ટક્કર : અન્ય બનાવમાં ઉમરેઠમાં ડુબી જવાથી છ મૃત્યુ

અમદાવાદ,તા.૨૧

ચરોતરમાં આજે મંગળવારનો દિવસ કાળચક્ર સાબિત થયો હતો. ચરોતર પંથકમાં સવારથી જ જુદા જુદા અકસ્માતો સર્જાયા હતા જેમાં એક જ દિવસમાં જુદી જુદી ઘટનાઓમાં ૧૯ લોકોના મોત થઈ ગયા છે. એકબાજુ આણંદના આંકલાવ નજીક ટેન્કર અને પિકઅપ વાનમાં અકસ્માત થતાં ૧૧ લોકોના મોત થયા હતા .

જ્યારે ઉમરેઠમાં તળાવમાં ડૂબતા છ લોકોના મોત થયા હતા. આવી જ રીતે ઠાસરામાં તળાવમાં ડૂબતા ત્રણના મોત થયા હતા. આંકલાવની ઘટના સૌથી મોટી ઘટના બની હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે, સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા જ્યારે અન્ય ચાર લોકોના મોત સારવાર દરમિયાન થયા હતા. બોરસદના સારોલ ગામના રહેવાસી પાદરાના ઉમરાયા ગામથી નોકરીથી પરત આવી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના થઈ હતી. આણંદ ઘટનાની વિગત સંપૂર્ણપણએ મળ્યા બાદ આ મામલામાં ઉંડી તપાસ પણ હાથ ધરવામાં આવી હતી.

આણંદના આંકલાવ પાસે ગંભીર ગામ નજીક આજે પૂરપાટ ઝડપે જઈ રહેલ એક ટેન્કર અને પિકઅપ વાન વચ્ચે જોરદાર ગમખ્વાર અકસ્માત સર્જાતાં નવ લોકોના કરૂણ મોત નીપજયા હતા, જયારે દસથી વધુ લોકો ઘાયલ થયા હતા. તમામ ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે, બહુ ગંભીર અને ગમખ્વાર એવા આ અકસ્માતમાં એકસાથે નવ જણાંના મોતને લઈ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને સાથે સાથે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. ઈજાગ્રસ્તોમાં પણ કેટલાકની હાલત ગંભીર હોઈ હજુ મૃત્યુઆંક વધવાની શકયતા સેવાઈ રહી છે. ટેન્કર અને પિકઅપ વાન વચ્ચેનો આ અકસ્માત એટલો જોરદરા હતો કે, આ ગંભીર અકસ્માતમાં સાત જેટલા લોકોના તો ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય બે લોકોના મોત સારવાર દરમ્યાન થયા હતા. આમ મૃતકોની કુલ સંખ્યા ૯ થઈ હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, આણંદનાં આંકલાવ તાલુકાના ગંભીરા પાસે આજે બપોરે એક ટેન્કર અને પિકઅપ વાન વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બોરસદના સારોલ ગામના રહેવાસી પાદરાના ઉમરાયા ગામેથી નોકરીથી પરત આવી રહ્યાં હતા તે સમયે ટેન્કર સાથે પિકઅપ વાનનો આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર અને ગમખ્વાર હતો કે, અકસ્માતમાં ઘટનાસ્થળે જ સાત લોકોના અને બાદમાં સારવાર દરમ્યાન વધુ બે જણાં એમ મળી કુલ નવ જણાંના કરૂણ મોત નીપજયા હતા. જયારે અન્ય દસથી વધુ ઘાયલ થયા હતા, તેઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા.

### કેન્દ્રવાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

| | | | |
|---|---|---|---|
| મગોડી | ૩૦૪ | ૩૦૨ | ૭૮.૪૮ |
| લોદ્રા | ૬૦૬ | ૬૦૨ | ૬૫.૧૨ |
| મુબારકપુર | ૬૭૯ | ૬૭૮ | ૬૬.૦૮ |
| મોટેરા | ૮૩૮ | ૮૩૮ | ૭૯.૧૨ |
| ખરણા | ૪૫૪ | ૪૫૨ | ૬૧.૫૦ |
| દેલવાડા | ૩૪૧ | ૩૩૯ | ૬૪.૯૦ |
| મોઆદરજ | ૪૮૧ | ૪૭૬ | ૫૫.૬૭ |
| વલાદ | ૬૦૬ | ૬૦૪ | ૭૭.૮૧ |
| લવારપુર | ૩૨૨ | ૩૧૯ | ૮૧.૧૯ |
| છત્રાલ | ૪૬૮ | ૪૫૭ | ૪૦.૪૮ |

### ૮૨.૧૪ ટકા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌથી વધુ કડજોદરા કેન્દ્રનુ ૮૩.૯૦ ટકા પરિણામ અને જયારે સૌથી ઓછુ છત્રાલ કેન્દ્રનુ ૪૦.૪૮ ટકા પરિણામ આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાંથી ૧૪૪ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. આ પૈકી ૩૦ વિદ્યાર્થીઓ સે-૨૩ સ્થિત કડી કેમ્પસની વિવિધ શાળાના છે. કડી સર્વ વિદ્યાલયની શેઠ સી એમ વિદ્યાલયના વિદ્યાર્થી વ્રજ કનુભાઈ પટેલે ૬૦૦ માંથી ૫૮૦ ગુણ મેળવી ટોપર્સની યાદીમાં મોખરાનુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જયારે શહેરની વિવિધ શાળાના ૮૧ જેટલા વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લાનુ પરિણામ પણ ૭૧.૯૮ ટકા આવ્યુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. જેમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૮૨.૧૪ ટકા આવ્યુ છે. જયારે જિલ્લાના ૨૮ કેન્દ્રો પૈકી સૌથી વધુ પરિણામ કડજોદરાનુ ૮૩.૯૦ ટકા રહ્યુ છે. જયારે છત્રાલ કેન્દ્રનુ પરિણામ સૌથી ઓછુ ૪૦.૪૮ ટકા આવ્યુ છે. ગાંધીનગર કેન્દ્રમાંથી નોંધાયેલા ૫૬૮૮ પૈકી ૫૬૭૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગાંધીનગર જિલ્લામાંથી ૧૪૪ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે આ તેજસ્વી વિદ્યાર્થીઓમાં નગરની શાળાઓના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગરમાં સે-૨૩ સ્થિત કડી કેમ્પસના શેઠ સી એમ વિદ્યાલયનો વિદ્યાર્થી વ્રજ કનુભાઈ પટેલ ૬૦૦ માંથી ૫૮૦ ગુણ મેળવી પ્રથમ ક્રમે આવ્યો છે. શેઠ સી એમ વિદ્યાલયના કુલ ૮ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં સ્થાન પામ્યા છે. કડી કેમ્પસની વિવિધ શાળાના કુલ ૩૦ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જેમાં કડી સંકુલની આર જી કન્યા વિદ્યાલયની ૧૩ વિદ્યાર્થીનીઓ , આર સી પટેલ હાયર સેકન્ડરી સ્કુલના ૪ વિદ્યાર્થીઓ તેમજ એમ બી પટેલ ઇંગ્લીશ મીડીયમ સ્કુલના ૫ વિદ્યાર્થીઓએ પણ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના ૩ વિદ્યાર્થીઓ પણ એ વન ગ્રેડમાં સ્થાન પામ્યા છે. જયારે સ્વામિનારાયણ હાઈસ્કુલના ૫ વિદ્યાર્થીઓનો પણ એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. જયારે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના ૨ વિદ્યાર્થીનીઓએ પણ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. આ ઉપરાંત કુડાસણ સ્કુલ ઓફ અચિવરના ૧૬ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે નગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલના ૧૨ વિદ્યાર્થીઓનો પણ એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. સે-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલના ૧૧ વિદ્યાર્થીઓએ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે.ચિલોડા સહજાનંદ સ્કુલ ઑફ અચિવરના ૪ વિદ્યાર્થીઓએ પણ એ વન ગ્રેડ મેળવ્યો છે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી નોંધાયેલા ૨૪૩૭૪ વિદ્યાર્થીઓ પૈકી ૨૪૬૬એ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી. આ વિદ્યાર્થીઓ પૈકી ૧૪૪ તેજસ્વીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે એ ટુ માં ૧૧૩૯, બી વનમાં ૨૪૨૩, બી ટુ માં ૪૧૫૭,સી વનમાં ૫૭૧૦,સી ટુ કેટેગરીમાં ૩૬૫૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જિલ્લામાંથી ૧૪૪ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. આ પૈકી શહેરની વિવિધ શાળાના અંદાજિત ૮૧ જેટલા વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જિલ્લાનુ પરિણામ ૭૧.૯૮ ટકા આવ્યુ છે. શિક્ષણ બાર્ડ દ્વારા પરિણામ જાહેર કરાયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી. હાથમાં માર્કશીટ પકડીને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર શાળાએથી ઘરે જતા નજરે પડયા હતા.

### કોર્ટે ફગાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૮મી એપ્રિલના દિવસે મહત્વપૂર્ણ ચુકાદો દાખલ કર્યો હતો. ચેન્નાઈ સ્થિત કંપનીએ અરજી દાખલ કરીને કહ્યું હતું કે, ૨૦૧૯ લોકસભાની ચૂંટણીમાં ઉપયોગ કરવામાં આવેલા ઈવીએમ મોડલ પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યા છે જેથી ઈવીએમ સાથે ચેડાને લઈને શંકા રહેલી છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે આ પ્રકારની માંગને વારંવાર સાંભળી શકાય તેમ નથી.

### હોટફેવરીટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ હવે સટ્ટાબજારમાં પણ ગરમી જામી છે. સટ્ટા બજારમાં ભારતીય જનતા પાર્ટીને ૨૩૮તી ૨૪૫ સીટો આપવામાં આવી રહી છે. રાજસ્થાનમાં સટ્ટાબાજ ભારતીય જનતા પાર્ટીને ૨૪૨-૨૪૫ સીટો આપી રહ્યા છે. જ્યારે દિલ્હીના સટ્ટાબાજ આ સંખ્યા ૨૩૮તી ૨૪૧ દર્શાવી રહ્યા છે. મુબઈમાં એનડીએની સાથે સટ્ટાબાજ દેખાઈ રહ્યા છે.

### ઉગ્ર માંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હેરાફેરીના આક્ષેપોને પણ રદિયો આપ્યો હતો. તમામ આક્ષેપો અને ફરિયાદોને ફગાવી દઈને ચૂંટણી પંચે કહ્યું છે કે, તેઓ સ્પષ્ટતા કરી દેવા માંગે છે કે, આ પ્રકારના આક્ષેપ અને અહેવાલ આધારવગરના છે. કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ, છેલ્લા ઘણા મહિનાથી ચૂંટણી પંચ સમક્ષ વારંવાર રજૂઆત છતાં હવે ચૂંટણી પંચે કહ્યું છે કે, તેઓ મામલે બુધવારે બેઠક યોજશે. ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું હતું કે, જનાદેશનું સન્માન કરવા માટે કહેવામાં આવ્યું છે. બસપના નેતા સતિષચંદ્ર મિશ્રાએ કહ્યું હતું કે, ઈવીએમને લઈને ઉત્તરપ્રદેશમાં મોટાપાયે ગેરરીતિ થઈ શકે છે જેથી કેન્દ્રીય દળોની ગોઠવણી થવી જોઈએ.